* A A D - 0 0 9 - 0 0 1 4 3 0 *

**AAD-009-001430** Seat No. ________

# B. R. S. (Sem. - IV) (CBCS) Examination

**March / April – 2016**

## 404 : Horticulture & Forestry

## (Core - 12)

*(Farm Management - II) (New Course)*

**Faculty Code : 009**
**Subject Code : 001430**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** M.C.Q. પ્રશ્નોનાં જવાબ ઉત્તરવહીમાં લખવાના છે.

૧ M.C.Q.: પ્રશ્નોનાં જવાબ લખો. ૨૦

(૧) જમીનનો ઢોળાવ વધારે હોય તો જમીનમાં કયો પાક વધુ અનુકૂળ આવે છે ?

(A) કપાસ (B) મગફળી

(C) મરચી (D) ફળઝાડ

(૨) શહેરની નજીકના વિસ્તારની જમીનમાં સામાન્ય રીતે કયો વ્યવસાય લેવામાં આવે તો આર્થિક લાભ વધારે મળે છે ?

(A) શાકભાજી (B) દૂધ વ્યવસાય

(C) નર્સરી (D) A,B,C માંથી કોઈ પણ એક

(૩) બાગાયતી ખેતીમાં એક જ સમયે એક જ સરખી ગુણવત્તાવાળી ખેતીપેદાશ મોટા જથ્થામાં તૈયાર થાય છે. તેથી ખેત પેદાશના ભાવ કેવા રહે છે ?

(A) નીચો (B) સરખો

(C) ઊંચો (D) તટસ્થ

(૪) સારું પાકઉત્પાદન લેવા માટે નીચેનામાંથી કઈ બાબત અવરોધરૂપ બની શકે ?

(A) સારી જમીન (B) સારી આબોહવા

(C) સારું બિયારણ (D) રોગ-કિટકનો ઉપદ્રવ

(૫) સામાન્ય રીતે __________ પી.એચ. વાળી જમીનમાં મોટાભાગના ફળપાકો સફળતાથી થઈ શકે છે.

(A) ૬ થી ૮ (B) ૯ થી ૧૦

(C) ૨ થી ૪ (D) ૧૦ થી વધુ

(૬) ફળવાડીની સફળતામાં કોની હાજરીનો ફાળો મહત્વનો છે ?

(A) માલિક (B) મજૂર

(C) વેપારી (D) એકેય નહીં

(૭) પવનની વધારે ગતિને કારણે ફળઝાડના કયા ભાગને વધુ નુકસાન થાય છે ?

(A) ફૂલ (B) ડાળી

(C) પાંદડાં (D) ફળ

(૮) ખેતી ધંધાની કામગીરી અને વ્યવસ્થા બાબત અમલ કરવાની અગાઉથી ઘડી કાઢેલી ગણતરીપૂર્વકની યોજનાને શું કહેવામાં આવે છે ?

(A) ક્ષેત્ર વ્યવસ્થા (B) ક્ષેત્ર આયોજન

(C) પાક વ્યવસ્થા (D જમીન વ્યવસ્થા

(૯) સમગ્ર ખેતી ધંધાનું અંદાજપત્રક બનાવવાની જરૂર નીચેના કયા સંજોગોમાં પડે છે ?

(A) નવું ફાર્મ શરૂ કરવું હોય ત્યારે

(B) પાક પદ્ધતિ બદલવાની હોય ત્યારે

(C) ખેત-પેદાશની ગણતરી કરવી હોય ત્યારે

(D) મજૂર-માંગનો પુરવઠો

(૧૦) પુંકેસરને ફુટવા માટે કયું વાતાવરણ યોગ્ય છે ?

(A) ગરમ (B) ઠંડુ

(C) મધ્યમ (D) એકેય નહીં

(૧૧) ખેડૂત તેની પાસેની સાધનસામગ્રી જમીન, પશુધન, મજૂર અને મૂડીનો પૂરેપૂરો ઉપયોગ કરી જમીનની ફળદ્રુપતા જાળવી રાખી વધુ આવક મેળવવા જે આગામી વર્ષ માટે પોતાની જમીનમાં પાક લેવાની કરેલ ગોઠવણ __________ કહે છે.

(A) પાકયોજના (B) ક્ષેત્ર વ્યવસ્થા

(C) જમીન વ્યવસ્થા (D) પિયત વ્યવસ્થા

(૧૨) ઉત્પાદક પાસેથી ખેતપેદાશ અંતિમ ગ્રાહક સુધી પહોંચાડવાની પ્રક્રિયાને શું કહે છે ?

(A) બજાર વ્યવસ્થા (B) ક્ષેત્ર વ્યવસ્થા

(C) પાક આયોજન (D) એકેય નહીં

(૧૩) ઘરગથ્થું શાકભાજીના વાડાને કયા નામે ઓળખવામાં આવે છે.

(A) માર્કેટ ગાર્ડન્સ (B) કિચન ગાર્ડન્સ

(C) ગાર્ડન્સ ફોર પ્રોસેસિંગ (D) એકેય નહીં

(૧૪) માર્કેટ ગાર્ડન્સ શહેરથી કેટલે દૂર હોવું જોઈએ ?

(A) ૧ થી ૨ કિ.મી. (B) ૧૦ થી ૧૫ કિ.મી.

(C) ૪૦ થી ૫૦ કિ.મી. (D) ૫૫ થી ૭૫ કિ.મી.

(૧૫) ખેતી આયોજન શું રજૂ કરે છે ?

(A) સમગ્ર ખેતી ધંધાનું સ્પષ્ટ ચિત્ર (B) સમગ્ર ખેતી ધંધાનું અસ્પષ્ટ ચિત્ર

(C) પાક પદ્ધતિ (D) એકેય નહીં

(૧૬) ગાર્ડન ફોર પ્રોસેસિંગ એટલે....

(A) ઘરગથ્થું વાડા

(B) બટાટાની ખેતી

(C) ડબ્બા કે બાટલીઓ ભરીને પેક કરવાની ફેક્ટરી સાથે જોડાયેલ શાકભાજીની વાડીઓ

(D) સીડ ગાર્ડન્સ

(૧૭) કયા અંદાજપત્રક પરથી તમામ પાકોનો નફો આપવાની શક્તિ કેટલી છે તે જાણી શકાય ?

(A) પાક વ્યવસાય અંદાજપત્રક (B) લિનિયર પ્રોગામિંગ

(C) પાક ઉત્પાદતન (D) એકેય નહીં

(૧૮) ક્ષેત્ર આયોજનની કેટ લી રીતો છે ?

(A) ૨ (B) ૪

(C) ૬ (D) ૮

(૧૯) ફળપાકોના વિસ્તારમાં જમીનમાં પાણીનું તળ હંમેશાં આશરે ________ મીટરની ઊંચું રહેવું જોઈએ.

(A) ૩ (B) ૬

(C) ૮ (D) ૧૦

(૨૦) સમઘાત આબોહવા મુખ્યત્વે કઈ જગ્યાએ જોવા મળે છે ?

(A) નદીકાંઠે (B) સપાટ મેદાનોમાં

(C) દરિયાકાંઠે (D) ડુંગરાળ પ્રદેશોમાં

૨ કિચન ગાર્ડનનો અર્થ સ્પષ્ટ કરી 'કિચન ગાર્ડન્સ' વિશે વર્ણન કરો. ૧૦

૩ કોઈ એક પ્રશ્નનો જવાબ લખો. ૧૦

(૧) પિયત પાકોની બે વર્ષ માટેની ૧૦ હેક્ટર જમીનની પાકયોજના તૈયાર કરો.

(૨) ફળવાડી આયોજનમાં જમીનની પસંદગી વિશે વર્ણન કરો.

૪ ખેત બજારની વ્યાખ્યા આપી ખેતબીજારોનું વર્ગીકરણ કરો. ૧૦

**અથવા**

૪ ક્ષેત્ર આયોજનનો અર્થ જણાવી ક્ષેત્ર આયોજનના લાભ વર્ણવો. ૧૦

૫ ટૂંકનોંધ લખો : (બે) ૧૦

(૧) ખેત અંદાજપત્રક.

(૨) સીડ ગાર્ડન્સ.

(૩) પાક ઉત્પાદન પર અસર કરતાં હવામાનના પરિબળોમાં હિમ અને વધારે ઉષ્ણતામાનથી થતું નુકસાન અને નિવારવાના ઉપાયો.

૬ ફળવાડી આયોજનમાં 'સ્થળની પસંદગી' વિશે સવિસ્તર વર્ણન કરો. ૧૦

---